**Seat No.: __________** **Enrolment No.____________**

# GUJARAT TECHNOLOGICAL UNIVERSITY

## Diploma Engineering Semester –IV Examination Dec. - 2011

**Subject code: 345403** **Date: 09/12/2011**
**Subject Name: Financial Accounting III**
**Time: 10.30 am – 1.00 pm** **Total Marks: 70**

**Instructions:**

1. **Attempt all questions.**
2. **Make suitable assumptions wherever necessary.**
3. **Figures to the right indicate full marks.**
4. **English version is considered Authentic.**

**Q.1** Vimal Limited issued 3000 equity shares of Rs.10 each at premium of Rs.3 per share amounts were payable as under : **14**

| | |
|---|---|
| on Application | Rs. 2.00 per share |
| on Allotment | Rs. 6.00 per share (including premium Rs.3) |
| on First call | Rs. 2.50 per share |
| on Final call | Rs. 2.50 per share |

Company Received applications for 5,000 equity shares out of which applicants for 3500 shares were pro-rata allotted and remaining applications were rejected. Excess Application money in pro-rata allotment was transferred to allotment account.

All the amounts were called up. A share holder holding 300 equity shares failed to pay money on first and final calls. After final call these shares were forfeited and half of these were re-issued at Rs.9.00 per share which were duly paid up.

Pass entries in the books of the Company to record above transactions. Prepare the Balance Sheet of the Company.

**OR**

**Q.1** The Tata Chemicals Ltd. issued 2,000, 12% Debentures of Rs.100 each on 1st January, 2003 redeemable at premium of 10%. Terms of issue provided that the company should set aside at the end of every years Rs.60,000 to invested at 10% out side the business. The investment were sold at Rs.1,45,000 at the end of the third year and the debentures were paid off. **14**

(a) Give journal entries for three years in the books of the Company.

(b) Prepare sinking fund A/c, sinking fund investment A/c, 12% Debenture A/c and Debenture Holder's A/c.

**Q.2** Ashok Thakkar Ltd's 90,000 shares issue was underwritten as follows : **14**

A : 45,000 shares B : 30,000 shares C : 15,000 shares

The under writers made applications for firm underwriting as follows :

A : 7,500 shares B : 4,500 shares C : 4,500 shares

The total subscriptions of 60,000 shares was over excluding firm underwriting rent including marked applications for 45,000 shares were as under :

A : 18,000 shares B : 15,000 shares C : 12,000 shares

Ascertain the liability of individual under writers. It is assumed that the credit to firm underwriting is not given to underwriters.

**Q.3** The Mihir Company Ltd. was incorporated on 1-1-02 to purchase the business of Mani Brothers. Its Authorized share capital was 20,000 equity shares of Rs.10 each. The Balance sheet of the firm as on 31-12-01 was as under : **14**

| Liabilities | | Rs. | Assets | Rs. |
|---|---|---|---|---|
| Capital | | | Land & Building | 96000 |
| Mani | 120000 | | Plant & Machinery | 40000 |
| Vani | 80000 | 200000 | Stock | 48000 |
| Reserves | | 8000 | Debtors | 46400 |
| Bank loan | | 6000 | Investment | 9600 |
| Creditor's | | 44000 | Bill receivable | 12800 |
| Bills Payable | | 14000 | Bank | 19200 |
| | | 272000 | | 272000 |

The conditions for business purchase were as under :

(1) Land and Building at Rs.100000, stock at Rs.40000 and other assets are to be taken at book value.

(2) Good will of the firm is to be valued at Rs.20,000

(3) All the liabilities except Bank loan are to be accepted by the company. Firms dissolution expenses Rs.2000 which was bear by the company.

(4) Purchase consideration is to be paid in 10000 fully paid up equity shares at 20% premium and 6% Rs.100000 debentures and the rest amount in cash.

(5) Preliminary expenses of the company amounted to Rs.3200.

Journalize above transaction in the books of the company and prepare the Balance Sheet of the company.

**OR**

**Q.3** (a) The Mahant Co. Ltd. has the following items in the Balance Sheet. **08**

| | |
|---|---|
| Paid up Capital | 100000 |
| (Shares of Rs. 10 each Rs. 8 paid) | |
| General Reserve | 100000 |
| Profit and Loss A/c (credit) | 50000 |

The Company decided

(1) To convert party paid equity shares in to fully paid shares.

(2) To issue bonus shares at Rs.10 each on the basise of one equity share for every five equity shares hold.

Passs necessary journal entries in the books of the company.

(b) (1) Explain on sinking funds methods. **06**

(2) Importance of share premium.

**Q.4** Give meaning and objectives of Indian Accounting standards. **14**

**OR**

**Q. 4** Explain the types of underwriting agreements. **14**

**Q.5** **Write notes on any FOUR of the following** **14**

(1) Forms of share capital.

(2) The objectives of preparing vertical financial statement.

(3) Alternative use of share premium.

(4) Preliminary expenses.

(5) Distinguish between underwriting commission and Brokerage.

(6) Importance of preference share.

**OR**

**Q.5** The ledger balance of Mittal Ltd. for year ending 31st March, 2003 are as under. **14**

Prepare final account as per the provisions of Company Act. 1956.

| Debit Balance | Amount | Credit Balance | Amount |
|---|---|---|---|
| Calls in arrear (equity) | 10000 | 10% Cumulative preference share capital | 200000 |
| Land & Building | 400000 | Equity share capital | 400000 |
| Plant and Machinery | 700000 | Creditors | 70000 |
| Stock (1-4-02) | 100000 | Provident fund | 25000 |
| Purchase | 350000 | 10% Debenture | 500000 |
| Vehicles | 355000 | Bad debt reserve | 1500 |
| Bank Balance | 75000 | General Reserve | 120000 |
| Cash Balance | 25000 | Debenture sinking fund | 120000 |
| Sales return | 1500 | Fixed Deposit | 200000 |
| Wages | 4000 | Bills Payable | 40000 |
| Fuel | 4000 | Profit & Loss (1-4-02) | 20000 |
| Advertising expenses | 11000 | Sales | 937000 |
| Debenture Interest | 30000 | Interest on Investment | 5000 |
| Salaries | 155500 | | |
| Investment | 150000 | | |
| Discount & Allowance | 13000 | | |
| Carriage inward | 20000 | | |
| Carriage outward | 25500 | | |
| Bad debt. | 15000 | | |
| Aditor's Fees | 10000 | | |
| Debenture sinking fund investment | 120000 | | |
| Furniture | 14000 | | |
| Debtors | 50000 | | |
| | 2638500 | | 2638500 |

Additional Information :

(1) Stock at end is valued at Rs.30,000.

(2) Advertising expenses worth Rs.500 is outstanding for payment.

(3) Reserve 5% on debtors for Bad debt.

(4) Rs.5000 the Interest on investment has become overdue.

(5) Provide Rs.10000 for taxation.

(6) Company propose to pay divident 10% on cum. pref. shares and 20% on equity shares.

************

પ્રશ્ન–૧ વિમલ લીમીટેડ રૂા.૧૦ નો એક એવા ૩૦૦૦ ઈકવીટી શેર, શેર દીઠ રૂા.૩.૦૦ ના પ્રિમીયમે જાહેર જનતામાં ભરપાઈ થવા માટે બહાર પાડયા. જેના નીચે મુજબ નાણાં ચૂકવવાનાં હતા. **14**

| | |
|---|---|
| અરજી સાથે | ૨–૦૦ |
| મંજુરી વખતે શેર દીઠ | ૬–૦૦ (રૂા.૩ પ્રિમીયમ સાથે) |
| પ્રથમ હપ્તા વખતે શેર દીઠ | ૨–૫૦ |
| છેલ્લા હપ્તા વખતે શેર દીઠ | ૨–૫૦ |

૫૦૦૦ શેર માટેની અરજીઓ મળી જે પૈકી ૩૫૦૦ શેરનાં અરજદારને પ્રમાણસર શેર મંજુર કરવામાં આવ્યા અને બાકીની શેરની અરજીઓ નકારવામાં આવી. પ્રમાણસર ફાળવણીમાં વધારાની અરજીની રકમ મંજુરી ખાતે જમા લેવામાં આવી.

શેર પરની બધી રકમ મંગાવી લેવામાં આવી. ૩૦૦૦ શેર ધારણ કરનાર એક શેર હોલ્ડરે શેર પર પ્રથમ અને છેલ્લા હપ્તાની રકમ ભરપાઈ ન કરતાં તેના શેર જપ્ત કરવામાં આવ્યાં. ત્યારબાદ જપ્ત થયેલ શેર પૈકી અર્ધા ભાગનાં શેર, શેર દીઠ રૂા.૯ ની કિંમતે ફરીથી બહાર પાડયા. જે પુરા ભરપાઈ થયા.

ઉપરનાં વ્યવહારો માટે કંપનીનાં ચોપડે જરૂરી આમનોંધ આપો અને કંપનીનું પાકું સરવૈયું બનાવો.

**અથવા**

પ્રશ્ન–૧ ધી તાતા કેમીકલ્સ લિ. ૧૨% ના ૨૦૦૦ ડીબેન્ચર દરેક રૂા.૧૦૦ નાં ૧૦% ના પ્રિમીયમે પરત કરવાની શરતે ૧ જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ બહાર પાડે છે. **14**

ભરણાની શરતો અનુસાર દર વર્ષના અંતે કંપનીએ રૂા.૬૦,૦૦૦ બાજુ પર રાખવાનાં છે. જેનું રોકાણ ૧૦% ના વ્યાજના રોકાણમાં ધંધાની બહાર કરવાનું છે.

ત્રીજા વર્ષના અંતે રોકાણો રૂા.૧,૪૫,૦૦૦ ની કિંમતે વેચવામાં આવ્યા અને ડિબેન્ચર્સની રકમ પરત ચુકવી આપવી.

(અ) ત્રણ વર્ષ માટે કંપનીનાં ચોપડે આમનોંધ લખો.

(બ) નીચેનાં ખાતા બનાવો.

(૧) સિંકીંગ ફંડ ખાતું

(૨) સિંકીંગ ફંડ રોકાણ ખાતું

(૩) ૧૨% ના ડિબેન્ચર ખાતું

(૪) ડિબેન્ચર હોલ્ડર્સનું ખાતું

પ્રશ્ન–૨ અશોક ઠકકર લીમીટેડે ૯૦,૦૦૦ શેર બહાર પાડયા અને તેનું નીચે મુજબ અંડર રાઈટીંગ કરવામાં આવ્યું. **14**

અ : ૪૫૦૦૦ શેર બ : ૩૦૦૦૦ શેર ક : ૧૫૦૦૦ શેર પેઢીના અંડર રાઈટીંગ માટે અંડર

રાઈટરે નીચે મુજબ અરજીઓ કરી.

અ : ૭૫૦૦ શેર બ : ૪૫૦૦ શેર ક : ૪૫૦૦ શેર નીયત બાંહેધરી સિવાય પણ અચૂક અરજીઓ સહિત કુલ ભરણું ૬૦૦૦૦ શેર માટે થયું.

સૂચક અરજીઓ નીચે મુજબ હતી.

અ : ૧૮૦૦૦ શેરો બ : ૧૫૦૦૦ શેરો ક : ૧૨૦૦૦ શેરો દરેક દલાલની વ્યકિતગત જવાબદારી નકકી કરો.

એવી ધારણાં છે કે બાંહેધરી દલાલોને નિયત બાંહેધરીની કોઈ રકમ જમા આપવાની નથી.

પ્રશ્ન–૩ મની બ્રધર્સની પેઢીનો ધંધો ખરીદી લેવા તા.૧–૧–૨૦૦૨ ના રોજ રૂા.૧૦ નાં ૨૦,૦૦૦ ઈકવીટી શેરની સત્તાવાર થાપણની ધી મીહીર કંપની લીમીટેડની સ્થાપના કરવામાં આવી. **14**

તા.૩૧–૧૨–૨૦૦૨ ના રોજનું પેઢીનું પાકું સરવૈયું

| મૂડી દેવા | રૂા. | મિલકત લેણાં | રૂા. |
|---|---|---|---|
| મૂડી | | જમીન મકાન | ૯૬૦૦૦ |
| મની ૧૨૦૦૦૦ | | ખ્યાલ યંત્રો | ૪૦૦૦૦ |
| વની <u>૮૦૦૦૦</u> | ૨૦૦૦૦૦ | સ્ટોક | ૪૮૦૦૦ |
| અનામત | ૮૦૦૦ | દેવાદારો | ૪૬૪૦૦ |
| બેંક લોન | ૬૦૦૦ | રોકાણો | ૯૬૦૦ |
| લેણદારો | ૪૪૦૦૦ | લેણી હુંડી | ૧૨૮૦૦ |
| દેવી હુંડી | ૧૪૦૦૦ | બેંક | ૧૯૨૦૦ |
| | ૨૭૨૦૦૦ | | ૨૭૨૦૦૦ |

ધંધાની ખરીદીની શરતો નીચે પ્રમાણે હતી.

(૧) જમીન–મકાન અને સ્ટોક અનુક્રમે ૧૦૦૦૦૦ અને ૪૦૦૦૦ ની કિંમતે અને બાકીની મિલકતો ચોપડે કિંમતે ગણવી.

(૨) પેઢીની પાઘડીની કિંમત ૨૦૦૦૦ આંકવામાં આવી.

(૩) બેંક લોન સિવાય બધી જ જવાબદારી કંપનીએ સ્વિકારી પેઢીનું વિસર્જન ખર્ચ રૂા.૨૦૦૦ કંપનીએ ભોગવવાનું છે.

(૪) ધંધાની ખરીદ કિંમત પેટે પુરેપુરા ભરાયેલા ૧૦૦૦૦ ઈકવીટી શેર ૨૦% ના પ્રિમીયમે તથા ૬% ના રૂા.૧૦૦૦૦૦ નાં ડીબેન્ચર અને બાકીની રકમે રોકડમાં ચુકવણીની છે.

(૫) કંપનીનો પ્રાથમિક ખર્ચ રૂા.૩૨૦૦ થયો કંપનીના ચોપડે જરૂરી આમનોંધ લખી કંપનીનું પાકું સરવૈયું તૈયાર કરો.

**અથવા**

પ્રશ્ન–૩

અ મહંત કંપની લીમીટેડનાં પાકા સરવૈયાની કેટલીક વિગતો નીચે મુજબ છે. **08**

| | |
|---|---|
| ભરપાઈ થયેલ ઈકવીટી શેર મૂડી (શેરની કિંમત રૂા.૧૦ નો એક એવા રૂા.૮ લેખે ભરપાઈ થયેલ.) | ૧,૦૦,૦૦૦ |
| સામાન્ય અનામત | ૧,૦૦,૦૦૦ |
| નફા નુકશાન ખાતું (જમા બાકી) | ૫૦,૦૦૦ |

કંપનીએ નિર્ણય કર્યો કે :–

(૧) અર્ધ ભરપાઈ ઈકવીટી શેરને પૂર્ણ ભરપાઈ કરવા.

(૨) કંપનીએ દર પાંચ ઈકવીટી શેર દીઠ એક બોનસ શેર રૂા.૧૦ ની મૂળ કિંમતે આપવાનું ઠરાવ્યું.

ઉપરોકત માહિતીના આધારે કંપનીનાં ચોપડે જરૂરી આમનોંધ લખો.

બ (૧) સિંકીંગ ફંડની પધ્ધતિ વિષે સવિસ્તાર નોંધ લખો. **06**

(૨) શેર પ્રિમીયમનું મહત્વ જણાવો.

પ્રશ્ન–૪ ભારતીય હિસાબી ધોરણોનો અર્થ આપી તેના હેતુઓ વિશે નોંધ લખો. **14**

**અથવા**

પ્રશ્ન–૪ બાંહેધરી કરારના પ્રકારો વિશે નોંધ લખો. **14**

**પ્રશ્ન–૫** **નોંધ લખો. (ગમે તે ચાર) :** **14**

(૧) શેર મૂડીનાં સ્વરૂપ

(૨) ઉભા નાણાં પત્રકો બનાવવાનાં ઉદ્દેશો

(૩) શેર પ્રિમીયમનાં વૈકલ્પિક ઉપયોગ

(૪) પ્રાથમિક ખર્ચાઓ

(૫) અન્ડર રાઈટીંગ કમીશન અને બ્રોકરેજ વચ્ચે તફાવત

(૬) પ્રેફરન્સ શેરનું મહત્વ.

**અથવા**

**પ્રશ્ન–૫** તારીખ ૩૧–૩–૨૦૦૩ ના રોજ પુરા થતાં વર્ષની મિતલ લીમીટેડની ખાતાવહીની બાકીઓ નીચે મુજબ છે. કંપની કાયદો ૧૯૫૬ ની જોગવાઈઓ અનુસાર વાર્ષિક હિસાબો તૈયાર કરો. **14**

| ઉધાર બાકીઓ | રકમ | જમા બાકીઓ | રકમ |
|---|---|---|---|
| બાકી હપ્તા (ઈક્વીટી) | ૧૦૦૦૦ | ૧૦% ક્યુ. પ્રેફરન્સ શેર મૂડી | ૨૦૦૦૦૦ |
| જમીન અને મકાન | ૪૦૦૦૦૦ | ઈક્વીટી શેર મૂડી | ૪૦૦૦૦૦ |
| પ્લાન્ટ અને યંત્રો | ૭૦૦૦૦૦ | | |
| સ્ટોક (૧–૪–૦૨) | ૧૦૦૦૦૦ | લેણદારો | ૭૦૦૦૦ |
| ખરીદી | ૩૫૦૦૦૦ | પ્રોવીડન્ટ ફંડ | ૨૫૦૦૦ |
| વાહનો | ૩૫૫૦૦૦ | ૧૦% ના ડીબેન્ચરો | ૫૦૦૦૦૦ |
| બેંક સિલક | ૭૫૦૦૦ | ઘાલખાધ અનામત | ૧૫૦૦ |
| રોકડ સિલક | ૨૫૦૦૦ | સામાન્ય અનામત | ૧૨૦૦૦૦ |
| વેચાણ પરત | ૧૫૦૦ | ડીબેન્ચર ડુબત નીધી | ૧૨૦૦૦૦ |
| મજુરી | ૪૦૦૦ | બાંધી મુદ્દતની થાપણો | ૨૦૦૦૦૦ |
| બળતણ | ૪૦૦૦ | દેવી હુંડી | ૪૦૦૦૦ |
| જાહેરાત ખર્ચ | ૧૧૦૦૦ | ન. અને નુ. ખાતું | ૨૦૦૦૦ |
| ડિબેન્ચર પર વ્યાજ | ૩૦૦૦૦ | (૧/૪/૦૨) | ૯૩૭૦૦૦ |
| પગાર | ૧૫૫૫૦૦ | વેચાણો | ૫૦૦૦ |
| રોકાણ | ૧૫૦૦૦૦ | રોકાણો પર વ્યાજ | |
| વટાવ અને ભથ્થાં | ૧૩૦૦૦ | | |
| આવક માલનું ગાડા ભાડું | ૨૦૦૦૦ | | |
| જાવક માલનું ગાડા ભાડું | ૨૫૫૦૦ | | |
| ઘાલખાધ | ૧૫૫૦૦ | | |
| ઓડીટરની ફી | ૧૦૦૦૦ | | |
| ડીબેંચર ડુબત નીધીનાં રોકાણો | ૧૨૦૦૦૦ | | |
| ફર્નીચર | ૧૪૦૦૦ | | |
| દેવાદારો | ૫૦૦૦૦ | | |
| | ૨૬૩૮૫૦૦ | | ૨૬૩૮૫૦૦ |

**વધારાની માહિતી :**

(૧) આખરનાં સ્ટોકનું મુલ્ય રૂા.૩૦૦૦૦ છે.

(૨) જાહેરાત ખર્ચના રૂા.૫૦૦ ચુકવવાનાં બાકી છે.

(૩) દેવાદારો પર ઘાલખાધ અનામતનાં ૫% રાખો.

(૪) રોકાણો પર વ્યાજના રૂા.૫૦૦૦ લેણું થયેલ છે.

(૫) કરવેરા ખાતે રૂા.૧૦૦૦૦ ની જોગવાઈ કરો.

(૬) કંપની ક્યુ. પ્રેફરન્સ શેર પર ૧૦% ડીવીડન્ડ અને ઈક્વીટી શેરો પર ૧૫% ડીવીડન્ડ આપવાની દરખાસ્ત કરે છે.

***********